# જાપાને નેધરલેન્ડ સામેની મેચ ડ્રો કરી

**પહેલો** હાફ ગોલ રહિત રહ્યા પછી બીજા હાફમાં નેધરલેન્ડના બે અને જાપાનનો એક મળી ત્રણ ગોલ 14 મિનિટના ગાળામાં થયા

**અંતિમ** વ્હીસલની થોડી મિનિટ પહેલા જાપાનની હાર નિશ્ચિત હતી ત્યારે 88મી મિનિટે કમાડાએ હેડર વડે ગોલ કરતા મેચ ડ્રો થઇ



આર્લિંગ્ટન, તા. 15 (એપી) : ફિફા વર્લ્ડકપ ગ્રુપ એફની રવિવારે મોડી રાત્રે અહીં રમાયેલી મેચમાં અંતિમ વ્હિસલ વાગવાની થોડી મિનિટો પહેલા દાઇચી કામડાએ કરેલા ગોલની મદદથી જાપાને નેધરલેન્ડ્સને 2-2 થી ડ્રો પર રોક્યું હતું. જ્યારે જાપાનની હાર નિશ્ચિત જણાતી હતી, ત્યારે કામાડાએ આ મહત્વપૂર્ણ ગોલ કર્યો હતો.

મેચની 88મી મિનિટે કોકી ઓગાવાની કોર્નર કિકથી મળેલા પાસને કામાડાએ હેડરથી ગોલમાં ફેરવ્યો હતો, જેનાથી સમુરાઇ બ્લુના ચાહકો ઉત્સાહિત થયા અને જાપાને ઉચ્ચ ક્રમાંકિત નેધરલેન્ડ્સની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું. નેધરલેન્ડ્સને પોઈન્ટ વહેંચવા પડ્યા પરંતુ ડ્રોથી વર્લ્ડકપ ગ્રુપ સ્ટેજમાં તેમનો અજેય સિલસિલો 17 મેચ સુધી લંબાયો હતો. કામાડાના ગોલે નારંગી વસ્ત્રો પહેરેલા ડચ ચાહકોને સ્તબ્ધ કરી દીધા હતા.

હાફટાઇમ સુધી બંને ટીમ ગોલ કરી શકી ન હતી. બીજા હાફની શરૂઆતમાં, નેધરલેન્ડ્સ માટે વર્જિલ વાન ડાઈકે 50 અને ક્રેસેન્સિયો સોમરવિલેએ 64મી મિનિટે ગોલ કર્યા, જ્યારે જાપાન માટે કીટો નાકામુરાએ 57મી મિનિટે ગોલ કર્યો. ત્રણેય ગોલ 14 મિનિટના સમયગાળામાં થયા.

જાપાનના કોચ હાજીમે મોરિયાસુએ જણાવ્યું કે અમારા ખેલાડીઓએ દ્રઢતા અને ધીરજ જાળવી રાખી, તેમની તકની રાહ જોતા રહ્યા, અને જ્યારે તેમને તક મળી, ત્યારે તેઓએ તેનો લાભ લેવામાં અચકાયા નહીં. જાપાની ટીમ ચાર વર્ષ પહેલાં કતારમાં અંતિમ 16માં પહોંચી હતી. શનિવારે નેધરલેન્ડ્સ હ્યુસ્ટનમાં સ્વીડન સામે રમશે, જ્યારે જાપાન શનિવારે ટ્યુનિશિયા સામે ટ્યુનિશિયા સામે રમવા માટે મેક્સિકોના મોન્ટેરી જશે.

### ફિફા વર્લ્ડકપમાં આજે રમાનારી મેચ

| હરીફ ટીમો | તારીખ | સમય |
|---|---|---|
| ઇરાન vs ન્યૂઝીલેન્ડ | 16 જૂન | સવારે 6.30 |
| ફ્રાન્સ vs સેનેગલ | 16 જૂન | રાત્રે 12.30 |
| ઇરાક vs નોર્વે | 17 જૂન | મધરાત્રે 3.30 |

### વાન ડાઇક વર્લ્ડકપમાં ગોલ કરનાર બીજો સૌથી વધુ વય ધરાવતો ડચ ખેલાડી



જાપાન સામેની મેચમાં નેધરલેન્ડના વર્જિલ વાન ડાઇકે 50મી મિનિટે ગોલ કરતાની સાથે જ તેના નામે એક સિદ્ધિ નોંધાઇ હતી અને તે 34 વર્ષ અને 341 દિવસની ઉંમરે વર્લ્ડકપમાં ગોલ કરનાર બીજો સૌથી મોટી ઉંમરના ડચ ખેલાડી બન્યો હતો. તેના પહેલા જીઓવાન્ની વાન બ્રોન્કહોર્સ્ટો 2010નના ફિફા વર્લ્ડકપમાં 35 વર્ષ અને 151 દિવસની ઉંમરે ઉરુગ્વે સામે ગોલ કર્યો હતો.

# જર્મનીએ કુરાકાઓને 7-1થી હરાવીને ફૂટબોલનો કઠિન પાઠ શીખવ્યો

**કુરાકાઓ** વર્લ્ડકપમાં ભાગ લેનાર અને ગોલ કરનાર સૌથી નાનો દેશ બન્યો, કોમેનેસિયા વર્લ્ડકપમાં ગોલ કરનાર પહેલો ખેલાડી

**જર્મની** વતી કાઇ હાવર્ટ્ઝે બે જ્યારે ફેલિક્સ ન્મચા, નિકોસ્લોટરબેક, જમાલ મુસિયાલા, બ્રાઉન અને ડેનિઝ ઉન્ડાવે ગોલ કર્યા



હ્યુસ્ટન, તા. 15 (એપી) : ફિફા વર્લ્ડકપમાં રવિવારે મોડી રાત્રે અહીં રમાયેલી ગ્રુપ ઇની એક મેચમાં કાઇ હાવર્ટ્ઝના બે ગોલની મદદથી ચાર વખતના ચેમ્પિયન જર્મનીએ વર્લ્ડકપમાં ક્વોલિફાઇ થઇને ઇતિહાસ રચનાર કુરાકાઓને 7-1થી હરાવીને ફૂટબોલનો કઠીન પાઠ ભણાવ્યો હતો. કુરાકાઓનો ભલે કારમી હાર થઈ હોય, પરંતુ તે વર્લ્ડકપમાં ભાગ લેનાર સૌથી નાનો દેશ બન્યો. વધુમાં, તેમણે એક ગોલ કર્યો, જે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

22 વર્ષીય લિવાનો કોમેનેસિયાએ 21મી મિનિટે કુરાકાઓ માટે ગોલ કર્યો. માત્ર 1,58,000ની વસ્તી ધરાવતો કુરાકાઓ ફિફા વર્લ્ડકપમાં ગોલ કરનાર સૌથી ઓછી વસ્તી ધરાવતો દેશ બન્યો. કુરાકાઓએ નવેમ્બર ૨૦૨૫ માં ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું, ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કરનાર સૌથી ઓછી વસ્તી ધરાવતો દેશ બન્યો. આ માટે, તેઓ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયેલા છે.

મેચની છઠ્ઠી મિનિટે ફેલિક્સ ન્મેચાએ જર્મનીને લીડ અપાવી. કુરાકાઓના લિવાનો કોમેનેન્સિયાએ 21મી મિનિટે બોક્સના મધ્યમાંથી ડાબા પગે શક્તિશાળી શોટથી સ્કોર 1-1થી બરાબરી પર મૂક્યો, જેનાથી નાના કેરેબિયન રાષ્ટ્રના ચાહકો ઉત્સાહિત થઇ ગયા. જો કે તે પછી જર્મનીએ મેચ પર પ્રભુત્વ જમાવ્યું, અને 38મી મિનિટે નિકો સ્લોટરબેકે નાથાનીએલ બ્રાઉનના કોર્નર કિક પર હેડ કરીને ગોલ કર્યો. જર્મનીનો વિજયનો માર્જિન નવ ગોલના વર્લ્ડકપ રેકોર્ડથી ઘણો ઓછો હતો, જે ત્રણ વખત બન્યો છે. છેલ્લે 1982માં હંગેરીએ અલ સાલ્વાડોરને 1-10-1થી હરાવ્યું હતું.

પહેલા હાફના સ્ટોપેજ સમયમાં હાવર્ટ્ઝે પેનલ્ટીને કન્વર્ટ કરીને સ્કોર 3-1 કર્યો. હાફ ટાઇમ પછી જર્મનીએ પોતાની લીડ મજબૂત કરવામાં કોઇ સમય બગાડ્યો નહીં, 47મી મિનિટે જમાલ મુસિયાલાએ ગોલ કર્યો. 68મી મિનિટે બ્રાઉને લીડ 5-1 સુધી વધારી દીધી. બ્રાઉને ગોલ સેટ કર્યા પછી 78મી મિનિટે ડેનિઝ ઉન્ડાવે ગોલ કર્યો. 88મી મિનિટે હાવર્ટ્ઝે પોતાનો બીજો ગોલ કર્યો. સ્ટેડિયમમાં 68,021 દર્શકો હતા, જેમાંથી મોટાભાગના જર્મનીને ટેકો આપતા હતા. કુરાકાઓના કેટલાક દર્શકો પણ આવ્યા અને તેમની ટીમને ઉત્સાહિત કરી. જર્મની આગામી મેચ શનિવારે ટોરોન્ટોમાં આઇવરી કોસ્ટ સામે રમશે, જ્યારે કુરાકાઓ શનિવારે કેન્સાસ સિટીમાં ઇક્વાડોર સામે રમશે.

### અમેરિકામાં પ્રવેશવા ન દેવાયેલા રેફરી ઓમર આર્ટનને તેમની સંપૂર્ણ ફિફા ફી મળશે

એટલાન્ટા, તા. 14 : સોમાલી રેફરી ઓમર આર્ટનને વર્લ્ડકપ માટે અમેરિકામાં પ્રવેશ આપવામાં આવ્યો ન હોવા છતાં તેમને હજુ પણ તેમની સંપૂર્ણ ટુર્નામેન્ટ ફી ચૂકવવામાં આવશે. આ બાબતથી વાકેફ એક વ્યક્તિએ જણાવ્યું હતું કે આર્ટન લગભગ છ અઠવાડિયાની આ ટુર્નામેન્ટમાં કોઈપણ મેચ રેફરી ન હોવા છતાં, પમેન્ટ માટે હકદાર રહેશે. સૂત્રએ નામ ન આપવાની શરતે વાત કરી કારણ કે તેઓ જાહેરમાં બોલવા માટે અધિકૃત ન હતા. તેમણે કહ્યું કે ફીનો નિર્ણય આવતા મહિને ટુર્નામેન્ટ સમાપ્ત થયા પછી લેવામાં આવશે. આર્ટન ફૂટબોલના ટોચના અધિકારીઓમાંના એક છે અને 2025 માં તેમને આફ્રિકાના શ્રેષ્ઠ પુરુષ રેફરી તરીકે મત આપવામાં આવ્યો હતો. પરંતુ ગયા અઠવાડિયે ઇસ્તંબુલથી મિયામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા પછી સોમાલી નાગરિકને પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

# ડાયલોના અંતિમ મિનિટના ગોલથી આઇવરી કોસ્ટે ઇક્વાડોરને હરાવ્યું

**અમાદ** ડાયલોએ 90મી મિનિટે કરેલો મેચનો એકમાત્ર ગોલ આઇવરી કોસ્ટને પોઇન્ટ અપાવી ગયો

**12 વર્ષે** આઇવરી કોસ્ટે વર્લ્ડકપમાં પોતાની પહેલી હાજરીને જીત સાથે યાદગાર બનાવી



ફિલાડેલ્ફિયા,તા. 15 (એપી) : ફિફા વર્લ્ડકપની અહીં રમાયેલી એક મેચમાં 90મી મિનિટે અમાદ ડાયલોએ કરેલા મેચના એકમાત્ર ગોલની મદદથી આઇવરી કોસ્ટે 12 વર્ષમાં પહેલીવાર વર્લ્ડકપમાં પોતાની હાજરીને વિજય સાથે યાદગાર બનાવતા ઇક્વાડોરને 1-0થી હરાવ્યું હતું. બંને ટીમોએ મળીને ત્રણ વખત ક્રોસબાર પર પ્રહાર કર્યો પરંતુ ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી.

મેચ ગોલરહિત ડ્રો તરફ આગળ વધી રહી હતી ત્યારે, અંતિમ પળોમાં વિલ્ફ્રેડ સિંગોએ જમણી બાજુથી શાનદાર રન કરીને ગોલ સેટ કરતા 56મી મિનિટે મેદાનમાં આવેલા માન્ચેસ્ટર યુનાઇટેડના અવેજી વિંગર ડાયલોએ પેનલ્ટી એરિયાની અંદર ડાઇવ મારીને ગોલકીપર હર્નાન ગેલિન્ડેઝને છક્કડ આપી ડાબા પગે એક શક્તિશાળી શોટ મારી તેને ગોલમાં ફેરવ્યો હતો. આ રીતે, ચોથી વખત અને 2014 પછી પહેલી વાર વર્લ્ડકપમાં ભાગ લેનાર આઇવરી કોસ્ટે નોકઆઉટ તબક્કામાં પહોંચવા તરફ એક ડગલું આગળ વધ્યું. પાંચમી વાર વર્લ્ડકપમાં ભાગ લેનાર ઇક્વાડોર માટે લિંકન ફાઇનાન્સિયલ ફિલ્ડનું આ મેદાન હોમ મેદાન જેવું જ હતુ, કારણકે 68,274 પ્રેક્ષકોમાંથી મોટાભાગના ઇક્વાડોરની ટીમની સત્તાવાર પીળી જર્સી પહેરીને આવ્યા હતા. ડિયાલોના ગોલ પહેલા ઇક્વાડોરની સ્થિતિ મજબૂત જણાતી હતી અને તેને હાફ ટાઇમ પછી 68મી મિનિટે સૌથી સારી તક મળી હતી, જ્યારે ગોન્જાલો પ્લાટાએ 25 મીટરના અંતરેથી જોરદાર શોટ માર્યો હતો, જોકે ગોલકીપર ફોકાનાએ તેને અટકાવી દીધો હતો.

આઇવરી કોસ્ટે 10 ક્વોલિફાઇંગ મેચોમાં 8-0-2નો રેકોર્ડ બનાવ્યો છે, એક પણ ગોલ ગુમાવ્યા વિના. તેમનો આગામી મુકાબલો ચાર વખતના વર્લ્ડકપ ચેમ્પિયન જર્મની સામે થશે, જેણે રવિવારે ગ્રુપ Eમાં કુરાકાઓને 7-1થી હરાવ્યું હતું. ઇક્વાડોર કુરાકાઓનો સામનો કરશે. બંને મેચ 20 જૂને રમાશે.

# યાસીન અયારીના બે ગોલની મદદથી સ્વીડને ટ્યુનિશિયાને 5-1થી હરાવ્યું

**સ્વીડન** માટે યાસિન અયારીએ ઓપનીંગ અને ક્લોઝિંગ તેમજ ઇસાક, ગ્યોરેક્સ અને સ્વાનબર્ગે પણ ગોલ કર્યા

**પોતાનો** સાતમો વર્લ્ડકપ રમી રહેલું ટ્યુનિશિયા અત્યાર સુધી ક્યારેય ગ્રુપ સ્ટેજથી આગળ વધ્યું નથી



મોન્ટેરી (મેક્સિકો), તા. 15 (એપી) : ફિફા વર્લ્ડકપમાં રમાયેલી એક મેચમાં યાસીન અયારીના બે ગોલની મદદથી સ્વીડને ટ્યુનિશિયાને 5-1થી હરાવીને ગ્રુપ Fમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

એસ્ટાડિયો ખાતે સ્વીડન માટે અયારીએ ઓપનિંગ અને ક્લોઝિંગ ગોલ કર્યો, તેણે સાતમી મિનિટે અને બીજા હાફના સ્ટોપેજ સમયમાં લાંબા અંતરથી ગોલ કર્યો. તેણે સંયમ સાથે ઉજવણી કરીને પોતાના પિતાના જન્મસ્થળ પ્રત્યે આદરપૂર્વક હાથ ઉંચા કર્યા. આ ઉપરાંત એલેક્ઝાન્ડર ઈસાકે 30મી, અને વિક્ટર ગ્યોકેરેસે 59મી તેમજ માટિયાસ સ્વાનબર્ગે 84મી મિનિટે ગોલ કર્યા હતા. સ્વીડન વિશ્વમાં 39મા ક્રમે છે અને આઠ વર્ષ પહેલાં રશિયામાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા બાદ 2022 વર્લ્ડકપમાં સ્થાન મેળવવાથી ચૂકી ગયું.

વિશ્વમાં 45મા ક્રમાંકિત ટ્યુનિશિયા માટે ઓમર રેકિકે ગોલ કર્યો. ટ્યુનિશિયા તેનો સાતમો વર્લ્ડકપરમી રહ્યું છે પરંતુ ક્યારેય ગ્રુપ સ્ટેજથી આગળ વધ્યું નથી. આ ગ્રુપમાં અગાઉ, નેધરલેન્ડ્સ અને જાપાને આર્લિંગ્ટન, ટેક્સાસમાં 2-2 થી ડ્રો રમ્યો હતો.

# ત્રિકોણીય સીરિઝમાં ભારત A સામે સુપર ઓવરમાં શ્રીલંકા Aની જીત

**મેદાન** પર ખેલાડીઓ વચ્ચે જોવા મળ્યો ગરમાગરમી અને તણાવનો માહોલ

**અર્શદ** ખાને અંતિમ ઓવરમાં પાંચ રન ન કરવા દેતા મેચ સુપર ઓવરમાં પહોંચી

**બેડ** લાઇટને કારણે અમ્પાયર્સની ના છતાં તિલક વર્માએ સુપર ઓવર કરાવવાની જીદ પકડી



દામ્બુલા, તા. 15 : ત્રિ-કોણીય સીરિઝની એક અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ મેચમાં, શ્રીલંકા A ટીમે સુપર ઓવરમાં ભારત Aને હરાવીને જીતનો સ્વાદ ચાખ્યો છે. મેચના અંતિમ સમયમાં બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ભારે ગરમાગરમી અને તણાવનો માહોલ જોવા મળ્યો હતો.

શ્રીલંકાના મલિંગા જેવી સ્લિંગી એક્શન ધરાવતા ફાસ્ટ બોલર કુગાથાસ માથુલાને દબાણની સ્થિતિમાં સંયમ રાખ્યો હતો. તેણે સુપર ઓવરમાં ભારતના વિસ્ફોટક બેટ્સમેનો વૈભવ સૂર્યવંશી અને સૂર્યાંશ શેડગે સામે 16 રનનો સફળતાપૂર્વક બચાવ કર્યો હતો, જો કે બેડ લાઈટના કારણે ભારતીય બેટરો યોગ્ય રીતે રમી શક્યા નહોતા. નિયમિત ૫૦ ઓવરની રમત દરમિયાન, ડાબોડી ફાસ્ટ બોલર અર્શદ ખાને છેલ્લી ઓવરમાં શાનદાર યોર્કર બોલિંગ કરીને મેચને સુપર ઓવર સુધી ખેંચી લીધી હતી. શ્રીલંકાના સદીરા સમરવિક્રમાની ૯૧ રનની શાનદાર ઈનિંગના કારણે શ્રીલંકા જીતની સાવ નજીક હતું. હોસ્ટ ટીમને છેલ્લી ઓવરમાં જીતવા માટે માત્ર ૫ રનની જરૂર હતી, પરંતુ અર્શદે માત્ર ૪ રન જ આપતા મેચ ટાઈ થઈ.

મેચ ટાઈ થયા બાદ પરિણામને લઈને મેદાન પર ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. અમ્પાયરોએ દલીલ કરી હતી કે સાંજ થઈ ગઈ છે અને આગળ કોઈ રમત શક્ય બનશે નહીં. ભારત 'A' ના કેપ્ટન તિલક વર્માએ અમ્પાયરો સાથે વાત કરીને સુપર ઓવર કરાવવા માટે ભાર મૂક્યો હતો. લાંબી ચર્ચા બાદ અમ્પાયરોએ પોતાનો નિર્ણય બદલ્યો અને સુપર ઓવર રમાડવાનો નિર્ણય કર્યો. જોકે, સુપર ઓવરમાં ભારત માટે અર્શદ ખાન ઘણો મોંઘો સાબિત થયો અને તેણે એક વાઈડ અને એક નો-બોલ સહિત ૧૯ રન લૂંટાવી દીધા. જવાબમાં માથુલાનની શાનદાર બોલિંગ સામે ભારતીય જોડી માત્ર ૯ રન જ બનાવી શકી હતી.

### શ્રીલંકાના ખેલાડીઓએ અપશબ્દ કહેતા વૈભવ તેમની સાથે ઘર્ષણમાં ઉતર્યો



મેચ પૂરી થયા બાદ મેદાન પર ખેલાડીઓ વચ્ચે શારીરિક ધક્કામુક્કી પણ થઈ હતી, જેમાં વૈભવ સૂર્યવંશી શ્રીલંકન ખેલાડીને ધક્કો મારતો જોવા મળ્યો હતો. અહેવાલો અનુસાર ભારત મેચ હારી ગયા પછી, શ્રીલંકાના ખેલાડીઓએ ગુસ્સામાં આવીને વૈભવ પર અપશબ્દો બોલ્યા, જેનાથી 15 વર્ષીય વૈભવ ગુસ્સે થઇને શ્રીલંકાના ખેલાડીઓ સાથે ઝપાઝપીમાં ઉતર્યો. વિવાદ વધી પડે તે પહેલાં સૂર્યાંશ શેડગેએ વૈભવને પાછો ખેંચી લીધો.

### વિપરાજ નિગમે પીચના સંરક્ષિત વિસ્તારમાં બે વાર દોડવાની ભુલ કરતાં ભારત-એને 10 રનની પેનલ્ટી થઇ



દામ્બુલામાં આજે રમાયેલી મેચ દરમિયાન ભારત-એનો ઓલરાઉન્ડર વિપરાજ નિગમ પીચના જોખમી વિસ્તારમાં દોડ્યો હતો અને. તેણે આ ભૂલ એક વાર નહીં પણ બે વાર કરી હતી. પીચના જોખમી વિસ્તારમાં દોડવા પર પાંચ રનનો દંડ ફટકારવામાં આવે છે. વિપરાજે બે વાર આવી દોડ લગાવી, જેના કારણે ટીમને 5-5 રનની બે વાર પેનલ્ટી થઇ હતી. પહેલી ઘટના 35મી ઓવરના ત્રીજા બોલ પર અને બીજી ઘટના 37મી ઓવરના ચોથા બોલ પર બની. પહેલો બોલ ફેંકાતા પહેલા શ્રીલંકા એ ટીમની ઇનિંગમાં 10 રન ઉમેરવામાં આવ્યા હતા. બેટિંગ ટીમને પીચ પર દોડવા બદલ એક ચેતવણી મળે છે. અનુકુલ રોય વિપરાજ નિગમ પહેલા બેટિંગ કરવા માટે મેદાનમાં આવ્યો હતો. તેને પીચ પર દોડવા બદલ ચેતવણી મળી હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઇરાન કરાર...

છે. આશા રાખવામાં આવી રહી છે કે તેલના નીચા ભાવથી પરિવારો અને વ્યવસાયો પરનું દબાણ હળવું થશે, જેમને ઈરાન સાથેના યુદ્ધના કારણે ખોરાકથી લઈને બળતણ અને ખાતર સુધીની તમામ વસ્તુઓ માટે વધુ કિંમત ચૂકવવી પડી રહી છે.

### જથ્થાબંધ ફુગાવો...

અલ નીનોની અસરને કારણે ખાદ્ય પદાર્થોના ભાવ ઊંચા રહેશે. બીજી બાજુ, મે મહિનામાં છૂટક ફુગાવો પણ વધીને 16 મહિનાની ઊંચી સપાટીએ 3.93 ટકા પર પહોંચ્યો હતો. ડિઝલ અને પેટ્રોલની કિંમતો વધતા આ મહિનાની શરૂઆતમાં , જેના પગલે રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ 4.6 ટકાથી વધારીને 5.1 ટકા કર્યો છે.

### CJPના સ્થાપક...

બીજી તરફ CJPના પ્રવક્તા આશુતોષ રાંકાએ દાવો કર્યો કે રાજસ્થાનમાં છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નપત્ર લીકની ઘટનાઓ વધી રહી છે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટે વ્યાપક પ્રયાસોની જરૂર છે. દીપકેએ જાહેરાત કરી હતી કે 20 જૂને પ્રદર્શનકારીઓ દિલ્હી તરફ કૂચ કરશે અને રાજીનામું મળ્યા વિના પાછા ફરશે નહીં. રાષ્ટ્રીય ગાન સાથે પ્રદર્શન પૂર્ણ થયા બાદ સમર્થકોએ 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારા વચ્ચે તેમને વાહન સુધી પહોંચાડ્યા હતા.

### ૧૪ મુદ્દાના...

મહત્વની બાબત એ છે કે આ રકમનો અડધો ભાગ વાટાઘાટો શરૂ થાય તે પહેલાં જ ઈરાનને ઉપલબ્ધ કરાવવો પડશે.

» **અંતિમ વાટાઘાટો માટેની પૂર્વ-શરતો:** જપ્ત કરાયેલા ભંડોળનો અડધો ભાગ મુક્ત ન થાય, તેલ પરના પ્રતિબંધો સ્થગિત ન થાય અને નૌકાદળની નાકાબંધી હટાવવામાં ન આવે ત્યાં સુધી અંતિમ વાટાઘાટો શરૂ કરવામાં આવશે નહીં.

» **દેખરેખ તંત્રઃ** આ કરારના અમલીકરણની દેખરેખ રાખવા માટે એક સુપરવાઇઝરી મિકેનિઝમની સ્થાપના કરવી.

» **યુએનની મંજૂરીઃ** અંતિમ કરારને યુએન સુરક્ષા પરિષદના પ્રસ્તાવ દ્વારા મંજૂરી આપીને તેને કાયદાકીય રીતે મજબૂત કરવામાં આવશે.

ખાસ નોંધનીય છે કે, ઈરાનના મિસાઈલ કાર્યક્રમ અને પ્રાદેશિક રઝિસ્ટન્સ ગ્રૂપોને તેના સમર્થન અંગેની ચર્ચાઓને વાટાઘાટોના એજન્ડામાંથી ચોક્કસપણે હટાવી દેવામાં આવી છે.

### દિલ્હીમાં બાંગ્લાદેશી...

હાઈ કમિશનર પવન બાધેને તલબ કરી સત્તાવાર રીતે 'ઘેરી નિરાશા' વ્યક્ત કરી છે. જાહેદ ઉર રહેમાન રવિવારે ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA) ના વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા હતા. જોકે, ઇમિગ્રેશન તપાસ દરમિયાન તેમનું નામ સુરક્ષા સંબંધિત વોચલિસ્ટમાં દેખાતા તેમને લગભગ અઢી કલાક સુધી રોકી રાખવામાં આવ્યા હતા. બાદમાં ઉચ્ચ સ્તરે હસ્તક્ષેપ થતાં તેમને ભારતમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તેમણે બેઠકમાં ભાગ ન લેવાનો નિર્ણય કરી કોલંબો મારફતે ઢાકા પરત ફરવાનું પસંદ કર્યું. બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલિલુર રહેમાને આ ઘટનાને "અનપેક્ષિત અને દુર્ભાગ્યપૂર્ણ" ગણાવી હતી. બાંગ્લાદેશે અગાઉથી રાજદ્વારી નોટ દ્વારા ભારતને તેમની મુલાકાતની જાણ પણ કરી હતી. આ ઘટનાને બંને દેશો વચ્ચેના બદલાતા રાજકીય સંબંધોના સંદર્ભમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિશ્લેષકોનું માનવું છે કે બાંગ્લાદેશમાં BNP સરકાર સત્તામાં આવ્યા બાદ ભારત વધુ કડક વલણ અપનાવી રહ્યું છે. જોકે, ભારતીય સત્તાવાળાઓએ હજુ સુધી આ સમગ્ર મામલે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. બાંગ્લાદેશના સત્તાવાર મીડિયાએ જણાવ્યું હતું કે પીએમના સલાહકાર રહેમાન સામાન્ય બાંગ્લાદેશી પાસપોર્ટ પર મુસાફરી કરી રહ્યા હતા જેમાં સાર્ક વિઝા હતો જોકે તેમની પાસે રાજદ્વારી પાસપોર્ટ ન હતો.

### ઈરાન હોર્મુઝમાં...

એટલે કે કરમુક્ત રાખવાની જાહેરાત કરી હતી. જો કે, ઈરાની સ્ત્રોતોનો દાવો છે કે આ કરમુક્ત દરજ્જો માત્ર ૬૦ દિવસની કામચલાઉ અવધિ માટે જ છે. તેહરાન આ સમયગાળાને અમેરિકાને આપેલી એક ટૂંકી રાહત તરીકે જુએ છે, જે પૂરી થયા પછી ફી વસૂલાત શરૂ કરવામાં આવશે. મેરીટાઇમ સર્વિસીસનો છટકબારી માર્ગઃ આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્ર "મેરીટાઇમ સર્વિસીસ" શબ્દ છે. શાંતિ કરારના અંતિમ સંસ્કરણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભવિષ્યમાં આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં દરિયાઈ સેવાઓનું સંચાલન ઈરાન અને ઓમાન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. ઈરાન આ કલમનો ઉપયોગ કરીને કોમર્શિયલ જહાજોને નેવિગેશન, સુરક્ષા, પર્યાવરણ અને વીમા જેવી સેવાઓ પૂરી પાડવાના નામે ચાર્જ વસૂલવાની યોજના બનાવી રહ્યું છે.સંયુક્ત સાર્વભૌમત્વનો દાવોઃ ઈરાની સત્તાવાળાઓનું કહેવું છે કે વાટાઘાટોના અંતિમ કલાકોમાં કરવામાં આવેલા ફેરફારો આ વ્યૂહાત્મક જળમાર્ગ પર ઈરાન અને ઓમાનની સાર્વભૌમત્વને સ્પષ્ટપણે રેખાંકિત કરે છે. આ ફી માળખાને લાગુ કરવા માટે ઓમાનનો સહકાર મેળવવા ઈરાન હાલમાં વાટાઘાટો કરી રહ્યું હોવાના પણ અહેવાલ છે. હજુ સુધી આ શાંતિ કરારનો સંપૂર્ણ સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી, અને ૬૦ દિવસ પછી ટ્રાન્ઝિટ ફી વસૂલવાના ઈરાનના દાવાઓ પર અમેરિકાએ હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. આ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવાનો સત્તાવાર સમારોહ શુક્રવારે યોજાનાર છે, જે દિવસથી યુદ્ધવિરામ અને આ જળમાર્ગને સત્તાવાર રીતે ખોલવાનો નિર્ણય અમલમાં આવશે.

### ઇરાન-અમેરિકા વચ્ચે...

ઓપ આપી દેવામાં આવ્યો છે, જે યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા કટોકટી ઊભી થઈ હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફના જણાવ્યા અનુસાર, આ શાંતિ કરાર પર ૧૯ જૂનના રોજ સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર થવાના છે. રવિવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથેની ડીલ હવે પૂર્ણ થઈ ગઈ છે. સૌને અભિનંદન. તેમની આ જાહેરાતથી વૈશ્વિક ઊર્જા બજારો પરનું દબાણ હળવું થયું છે. તેમણે કહ્યું કે આ કરારથી હોર્મુઝની સામુદ્રધુની ફરી ખુલી જશે અને ઈરાનના બંદરો પર અમેરિકાના નૌકાદળની નાકાબંધીનો અંત આવશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, હું આથી હોર્મુઝની સામુદ્રધુનીને સંપૂર્ણપણે કર-મુક્ત ખોલવાની મંજૂરી આપું છું અને તેની સાથે જ યુનાઇટેડ સ્ટેટ્સ નેવીની નાકાબંધીને તાત્કાલિક હટાવવાની પણ મંજૂરી આપું છું. દુનિયાના જહાજો, તમારા એન્જિન શરૂ કરો. તેલ વહેવા દો! જો કે, ત્યારબાદની એક પોસ્ટમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે કરાર પર સત્તાવાર હસ્તાક્ષર થયા બાદ શુક્રવારે હોર્મુઝની સામુદ્રધુની ખોલવામાં આવશે. આ કરારને એવા દિવસે અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો જ્યારે ટ્રમ્પ ૮૦ વર્ષના થયા હતા. આ કરાર યુદ્ધ અને મુત્સદ્દીગીરીના એક ઉથલપાથલ ભરેલા સપ્તાહ બાદ થયો છે, જે દરમિયાન અમેરિકાએ ઈરાન પર હમલા કર્યા હતા અને અમેરિકી પ્રમુખે છેલ્લી ઘડીએ ઈસ્લામિક રિપબ્લિકના ઓઈલ નિકાસ હબ ગણાતા ખાર્ગ ટાપુ પર કબજો મેળવવાની ધમકી પાછી ખેંચી લીધી હતી. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ સરકારી ટેલિવિઝન પર આ કરારની પુષ્ટિ કરી હતી, પરંતુ જણાવ્યું હતું કે શુક્રવારે હસ્તાક્ષર ન થાય ત્યાં સુધી ઈરાન તેનો અમલ શરૂ કરશે નહીં. પાકિસ્તાન, જે યુએસ-ઈરાન વાટાઘાટોમાં એક મુખ્ય મધ્યસ્થ તરીકે ઉભરી આવ્યું છે અને જેણે વોશિંગ્ટન તથા તેહરાન વચ્ચે સંપર્ક સરળ બનાવવામાં તેમજ સંઘર્ષને સમાપ્ત કરવાના રાજદ્વારી પ્રયાસોની યજમાની કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, તેણે આ ડીલની પુષ્ટિ કરી છે. વડાપ્રધાન શહબાઝ શરીફે એક્સ (X) પર એક પોસ્ટમાં જણાવ્યું કે, સઘન વાટાઘાટો બાદ, અમને એ જણાવતા આનંદ થાય છે કે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ઈસ્લામિક રિપબ્લિક ઑફ ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ ગયો છે. તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષોએ લેબનોન સહિત તમામ મોરચે લશ્કરી કામગીરી તાત્કાલિક અને કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી છે. શરીફે સંઘર્ષનો રાજદ્વારી ઉકેલ શોધવા માટેની પ્રતિબદ્ધતા બદલ અમેરિકા અને ઈરાનનો આભાર માન્યો હતો.

**મારા પહેલાના બધા પ્રમુખો ઇરાન મામલે નિષ્ફળ રહ્યા !: ટ્રમ્પની ડંફાસ**

ટ્રમ્પે કહ્યું, આ મહાન કરાર સમગ્ર ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા લાવશે. અગાઉના ઘણા પ્રમુખોએ ઈરાન સાથે શાંતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મારા પહેલાં બધા નિષ્ફળ રહ્યા હતા. તેમણે ઉમેર્યું, આ ક્ષેત્રના નેતાઓને પ્રથમ વખત એવા પ્રમુખ મળ્યા છે જે તેમને સાચી શાંતિ પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.

### દિલ્હી ડાયરી...

બાબત છે કે, આરએસએસની વ્યાપાર અને વાણિજ્ય પાંખના એક પદાધિકારી પોતાના વિચારો રજૂ કરી રહેલા અગ્રણી અર્થશાસ્ત્રીઓની ટીકા કરી રહ્યા છે.